### હથિનીકુંડમાંથી છોડવામાં આવતા પાણીથી

# યમુના નદી ભયજનક સપાટી પર : દિલ્હીમાં પૂરનો ખતરો



ન્યુ દિલ્હી,તા.૩૦

યમુનાની સતત વધતી જળસપાટીના લીધે દિલ્હીમાં પૂર આવવાની સ્થિતિ છે. ખતરાના નિશાનથી ઉપર વહી રહેલ યમુનાને જોતા દિલ્હી સરકાર પણ તૈયારીમાં લાગી ગઇ છે. હરિયાણાના હથિનીકુંડ બેરેજમાંથી છોડવામાં આવેલ પાણીના લીધે રવિવાર સવારે જૂની દિલ્હી રેલવે બ્રીજ પર યમુનાની જળસપાટી ૨૦૫.૫૦ પર પહોંચી ગઇ હતી. આની પહેલાં શનિવારે રાત્રે ૯ વાગ્યા સુધીમાં યમુનાની જળસપાટી ૨૦૫.૩ મીટર હતી. હાલ આ ખતરાના નિશાનથી ૪૭ સેન્ટીમીટરથી વધુ ઉપર છે. બેરેકમાંથી શનિવારે ૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું જે રવિવાર સાંજ સુધીમાં દિલ્હી પહોંચશે. આની સ્થિતિ વધુ બગડવાની શંકા છે. બગડતી સ્થિતિના લીધે યમુનાના કિનારે રહેનાર પરિવારોને પોતાનું ઘર છોડવું પડ્યું છે.

વધતી જળસપાટીને જોતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શનિવારના રોજ ઈમરજન્સી બેઠક પણ બોલાવી હતી. કેજરીવાલે જ ટ્વીટ કરી માહિતી આપી હતી કે મેનેજમેન્ટ લોકોને સુરક્ષિત અને ઊંચી જગ્યા પર લઇ જવાનું કામ કરી રહ્યું છે. તેની સાથે જ તમામ વિભાગોને એલર્ટ પર રખાયા છે. સરકારે ઈમરજન્સી સ્થિતિ માટે ૧૦૭૭ નંબર જાહેર કર્યો છે.

એક અધિકારીએ કહ્યું કે યમુના નદી ખતરાના નિશાનને પાર કર્યા બાદ શુક્રવારના રોજ ચેતવણી જાહેર કરાઇ હતી. નિવેદન પ્રમાણે તમામ કાર્યપાલક એન્જિનિયરો ક્ષેત્રના અધિકારીઓને પાણી રીલીઝ કરવા, જૂના રેલવે રુલ પર જળસપાટી અને કેન્દ્રીય જળ આયોગ/સઈ્‌ના પરામર્શ કે પૂર્વાનુમાનને જોતા નિયંત્ર કક્ષથી સતત સંપર્કમાં રહેવા અને યોગ્ય ઉપાય કરવાનો અનુરોધ કર્યો છે જેથી કરીને પૂર જેવી સ્થિતિથી બચી શકાય.

દિલ્હીથી પણ ખરાબ સ્થિતિ હરિયાણાના યમુનાનગરના કહેવાય છે. હથિનીકુંડમાંથી છોડવામાં આવેલ પાણી દિલ્હી યમુનાનગરના રસ્તે આવે છે. તેના લીધે આ વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે. લોકોને ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. હથિનીકુંડ બેરેકમાંથી શનિવાર સવારે ૩ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ત્યારબાદ શનિવાર સાંજે ૫ લાખ ક્યુસેક પાણી છોડાયું.ઉત્તર દિલ્હી માટે પૂરનું પૂર્વાનુમાન રજૂ કરાયું છે. દિલ્હી રેલવે પુલ પર પાણીનું સ્તર ૨૮ જુલાઇના રોજ સવારે ૯ વાગ્યે ૨૦૫ મીટર હતું. આ સિવાય પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને તેના પાડોશી વિસ્તારો પર ઓછું દબાણનું ક્ષેત્ર બન્યું છે.

# રાજયમાં પાણીપુરી પર પ્રતિબંધ મૂકવાની સરકારની કોઈ યોજના નથી

ગાંધીનગર,તા.૩૦

રાજયનાં મહાનગરોમાં પાણીપુરીવાળા પર તવાઈ આવી છે અને દરોડાની કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી છે કે, રાજ્યમાં પાણીપુરી પર પ્રતિબંધ મૂકવાની સરકારની કોઈ યોજના નથી. રાજ્ય સરકાર વતી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ સ્પષ્ટતા કરી છે.પટેલે કહ્યું છે કે, રાજ્યમાં ખાણીપીણીની લારીઓ ચલાવીને હજારો લોકો કમાય છે અને સેંકડો ગરીબો આ નાસ્તા પાણીથી પેટ ભરતા હોય ત્યારે તેના પર પ્રતિબંધ મૂકી શકાય નહીં. સ્વાસ્થ્યના કારણોસર અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે હેલ્થ વિભાગ અને મહાપાલિકા તંત્ર દરોડા પાડે તેનો અર્થ પ્રતિબંધ મૂકવો એવો થતો નથી.નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, દરેક કોર્પોરેશનને દરોડા પાડવાની છૂટ છે અને પગલાં પણ કોર્પોરેશન ભરી શકે છે પણ સમગ્ર રાજ્યમાં પાણીપૂરી પર પ્રતિબંધ ન મૂકી શકાય. આ રોજગાર સાથે ઘણા લોકો જોડાયેલા છે. પાણીપૂરી સંચાલકોએ પણ સ્વચ્છતા જાળવવી જોઈએ કે જેથી લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય.નીતિન પટેલના આ નિવેદનને પગલે રાજયમાં પાણીપૂરી પર પ્રતિબંધ લાગશે તેવી અટકળોનો અંત આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદ, વડોદરા અને જામનગર સહિતના મહાનગરોમાં પકોડીના ધંધાર્થીઓ પર તવાઈ છે અને વ્યાપક દરોડા પડ્યા છે. આ દરોડાના કારણે રાજયભરમાં પકોડી પર પ્રતિબંધ મૂકવાની ચર્ચા છે.નીતિન પટેલે કહ્યું કે, કેટલીક સિઝન, રોગચાળાને લઈને ધંધા પર ચકાસણી કરવી પડે. સ્વચ્છ જગ્યા હોય તો કોઈ તકલીફ નથી પણ અસ્વચ્છ સ્થળો પર જે નાસ્તા બને છે તેના પર નિયંત્રણ જરૂરી છે અને રોગચાળો ન ફેલાય તેવી કાળજી લઈ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# હિમાચલમાં વરસાદથી ૩૦૦ કરોડનું નુકસાન, ૪૪ રસ્તાઓ બંધ કરાયા

**શિમલા**,તા.૩૦

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે છેલ્લા અહેવાલ મુજબ ત્રણસો કરોડ રૂપિયાનું માતબાર નુકસાન થયાના અહેવાલ છે. ભારે વરસાદને કારણે હિમાચલ પ્રદેશની ૪૪ સડકોને બંધ કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ચોવીસ કલાક માટે હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની સંભાવનાનું એલર્ટ જાહેર કર્યું છે.

કિનૌર કૈલાસ જઈ રહેલા ૨૫૦ ટ્રેકર્સ અને તીર્થયાત્રીઓ ફસાયા હાત અને તેમને સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.ચોમાસાના પહેલા વરસાદની સાથે જ હિમાચલ પ્રદેશના કોટરોપીમાં કોહરામ મચવાનું શરૂ થઈ ગયું છે. કોટરોપી ખાતે ભૂસ્ખલનનો કાટમાળ નેશનલ હાઈવે પર આવવાને કારણે રસ્તો લગભગ છ કલાકથી વધુ સમય સુધી ઠપ્પ રહ્યો હતો.

શનિવારે સાંજે કોટરોપી ખાતે સડકનો એક ભાગ બેસી જતા પહાડોના ધસવાનો ખતરો પેદા થયો છે. વહીવટી તંત્રે આ માર્ગ પર વાહનોના આવાગમન પર સંપૂર્ણપણે રોક લગાવી દીધી છે. અહીંથી વાહનોના આવાગમન માટે અન્ય માર્ગની વ્યવસ્થા થઈ રહી છે. નેશનલ હાઈવેથી નીચે પંદલાહી ગામમાં એક પુલ અને બે ઘરાટ વહી ગયા છે.મંડી-પઠાનકોટ નેશનલ હાઈવે મંડીથી લગભગ છ કિલોમીટર પાછળ મેગલની નજીક પહાડ પરથી શિલા પડવાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે. કોટરોપીમાં કાટમાળ આવવાને કારણે પઠાનકોટ-મંડી નેશનલ હાઈવે વારંવાર બંધ કરવાની સ્થિતિ પેદા થઈ રહી છે. અહીં ગત વર્ષે પહાડો ધસવાને કારણે એકત્રિત થયેલો કાટમાળ વરસાદમાં ધસવાનું શરૂ થયું છે. આ કાટમાળ પર સડક બનાવવામાં આવી હતી. અહીં રવા નાળામાં પાણી અને કાટમાળના જોરદાર અવાજને કારણે પંદલાહી અને બડવાહન ગામમાં ગ્રામીણો રાત્રે જ ઘરોમાંથી બહાર નીકળીને સુરક્ષિત સ્થાનો પર રવાના થઈ ગયા હતા.

પંદલાહી ગામમાં પુલ વહી જવાને કારણે અહીં ગ્રામીણોનો અન્ય ગામો સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. જેના કારણે ગ્રામીણો દહેશતમાં પણ છે. લોકનિર્માણ વિભાગે કોટરોપી અને મેગલમાં જેસીબી મશીન લગાવીને રાહત કાર્ય શરૂ કર્યું છે. કોટરોપી પાસે બંધ થયેલા માર્ગને વૈકલ્પિક માર્ગ તરીકે સવારે સાડા સાત વાગ્યે બહાલ કરવામાં આવ્યો હતો. સોલનમાં ગત ત્રીસ કલાકોથી સતત વરસાદને કારણે પરિસ્તિતિ મુશ્કેલ થવા લાગી છે. કુમારહટ્ટી બાઈપાસ પર તપન હુંડઈની નજીક કાટમાળ પડવાને કારણે એક લેનને બંધ કરવામાં આવી છે.કુલ્લૂની સૌથી કઠિન ધાર્મિક યાત્રામાં શનિવારે બે શ્રદ્ધાળુઓના મોત નીપજ્યા હતા. આ બંને વ્યક્તિઓ નોંધણી વગર રામપુર થઈને શ્રીખંડ મહાદેવની યાત્રા પર ગયા હતા. કુલ્લૂના નાયબ કમિશનર યૂનુસે શ્રીખંડ યાત્રા પર હવામાનને કારણે હાલપૂરતી રોક લગાવી દીધી છે.

# ઈન્ડોનેશિયાના લોમ્બોકમાં ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ : ૧૦ના મોત

જકાર્તા,તા.૩૦

ઈન્ડોનેશિયાના પ્રવાસી ટાપુ એવા લોમ્બોક ખાતે ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ આવતા ધરા ધ્રૂજી હતી. ભૂકંપને પગલે ૧૦ પ્રવાસીઓનો મોત થયા હોવાનું તેમજ ૪૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સત્તાવાર આંકડામાં જણાવાયું છે. ઈન્ડોનેશિયા ડિઝાસ્ટર એજન્સીના પ્રવક્તા સુતોપો પુર્વો નૂગ્રોહોએ જણાવ્યું હતું કે ઈન્ડોનેશિયાના હોલિડે આઈલેન્ડ લોમ્બોક ખાતે ૬.૪ની તીવ્રનો ભૂકંપ આવ્યો હતો જેમાં ૧૦ લોકોના મોત થયા હોવાનું જણાયું હતું.

વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયા બાદ પાંચની તીવ્રતાના વધુ બે નાના આંચકા પણ આવ્યા હતા તેમજ ત્યારબાદ ૬૦ આફ્ટરશોક્સ પણ આવતા લોકોમાં ગભરાટનો માહોલ ફેલાયો હતો. લોકો ભૂકંપને પગલે બચવા માટે ઘર અને હોટેલમાંથી દોડીને રસ્તા પર આવી ગયા હતા.

ભૂકંપને પગલે લગભગ ડઝન જેટલા ઘરોને નુકસાન થયું છે. નૂગ્રોહોએ જણાવ્યું હતું કે બચાવ અને રાહત કામગીરી તાત્કાલીક ધોરણે હાથ ધરાઈ હતી અને હજુ પણ ચાલુ છે જેને પગલે મૃત્યુઆંક વધવાની આશંકા છે. યુએસ જીઓલોજિકલ સર્વેના મતે ભૂકંપનું કેન્દ્રબિંદુ લોમ્બોક ટાપુના શહેર માતારામથી ૫૦ કિમી ઉત્તરપૂર્વમાં તેમજ જમીનથી સાત કિલોમીટર અંદર હતું. સ્થાનિક સમય મુજબ સવારે ૬.૪૭ કલાકે ભૂકંપનો જોરદાર આંચકો અનુભવાયો હતો.

# કેલિફોર્નિયામાં આગને કારણે બે બાળકો સહિત ૫નાં મોત, ૫૦૦ ઈમારતો ખાખ

કેલિફોર્નિયા,તા.૩૦

અમેરિકાના નોર્થ કેલિફોર્નિયાના જંગલોમાં લાગેલી આગના કારણે એક વૃદ્ધ મહિલા અને બે બાળકો સહિત ૫ લોકોનાં મોત થયા છે. જ્યારે ૧૭ લોકો ગૂમ થયા છે. ભીષણ આગના કારણે હજારો લોકોએ સ્થળાંતર કર્યુ છે. ફાયર ટીમના અધિકારીઓના જણાવ્યા અનુસાર, શાસ્તા કાઉન્ટીમાં ભારે પવન અને 'આગના વાવાઝોડાં'ના કારણે વૃક્ષો ઉખડી ગયા હતા અને વાહનો પલટી ખાઇ ગયા હતા. આગના કારણે ઓછામાં ઓછામાં ૫૦૦ મકાનોને નુકસાન પહોંચ્યું છે અને હજારો ઘરો રાખના ઢગલામાં બદલાઇ ગયા હતા.રિપોર્ટ અનુસાર, ૭૦ વર્ષીય મહિલા ઉપરાંત ૪ અને ૫ વર્ષના બે બાળકોના આ આગમાં મોત થયા છે. રેડિંગ સ્થિત તેઓના ઘરમાં આગ લાગ્યા બાદ તેમના સંબંધીઓ આ ત્રણેયની શોધ કરી રહ્યા હતા.એનબીસી રિપોર્ટ અનુસાર, આ ત્રણેય ઘરની બહાર નિકળવાના જ હતા કે, આગની વચ્ચે ઘેરાઇ ગયા.આ ઉપરાંત આગ બુઝાવવા દરમિયાન ગુરૂવારે ફાયર ઈન્સ્પેક્ટર જેરમી સ્ટોક અને એક બુલડોઝર ઓપરેટરનું પણ મોત થયું છે.ફાયર ફાઈટર્સ ટીમના સેંકડો કર્મચારીઓ આગને બુઝાવવાની કોશિશમાં લાગેલા છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૫ ટકા આગ ઉપર જ કાબૂ મેળવી શકાયો છે.જંગલોમાં લાગેલી આગની શરૂઆત ગત સોમવારે એક કારમાં થયેલી ખરાબીના કારણે થઈ. જોતજોતામાં આ આગ ૪૮ હજાર એકર વિસ્તારમાં ફેલાઇ ગયા. આ ક્ષેત્રફળ સાન ફ્રાન્સિસ્કો શહેરથી પણ મોટું છે.કેલિફોર્નિયાના ફોરેસ્ટ અને ફાયર કંટ્રોલ ડિપાર્ટમેન્ટના ચીફ કેન પિમલોટે જણાવ્યું કે, અમે આગના સાઈક્લોન જોઇ રહ્યા છીએ. આગ એટલી ભયાનક છે કે, તેને વાવાઝોડાંની સંજ્ઞા આપી શકાય છે.તેઓએ કહ્યું કે, ભારે પવનના કારણે આગ ફેલાઇ રહી છે. આ સ્થિતિ અત્યંત વિકટ છે, લોકોએ સાવધાન રહેવાની જરૂર છે અને બહાર નિકળતા પહેલા પરિસ્થિતિ વિશે જાણકારી મેળવી લેવી જોઇએ.આગ બુઝાવવા માટે ફાયર ટીમના ૩ હજાર ૪૦૦થી વધુ કર્મચારીઓ છે. સ્થાનિક ફાયર ફાઇટર ટીમે ચેતવણી આપી છે કે, આવનારા દિવસોમાં હવામાન વધુ ગરમ રહેશે અને વરસાદના કોઇ અણસાર નથી. એવામાં આગની સ્થિતિ અને વધારે ભયાનક થઇ શકે છે.આ વિસ્તારમાં રહેતા અંદાજિત ૩૭ હજાર લોકોને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા છે.કેલિફોર્નિયામાં ઉનાળામાં જંગલોમાં આગ લાગવી સામાન્ય છે. જો કે, નિષ્ણાતોનું કહેવું છે કે, છેલ્લાં દસ વર્ષની સરખામણીએ આ હવામાનની સૌથી ખરાબ શરૂઆત છે.

### અમેરિકા પાસેથી અત્યાધુનિક સિસ્ટમ ખરીદવાના પ્રસ્તાવને લીલીઝંડી

# દેશની રાજધાની દિલ્હીને મળશે ૭૦૦૦ કરોડનું મિસાઇલ રક્ષા કવચ

ન્યુ દિલ્હી,તા.૩૦

ભારત ધીમે-ધીમે રાજધાની દિલ્હીને સૈન્ય ૯/૧૧ જેવા કેટલાંય આતંકી હુમલાથી અભેદ્ય બનાવામાં લાગી ગયું છે જેથી કરીને એરક્રાફ્ટ, મિસાઇલ અને ડ્રોન્સ જેવા એટેક થઇ શકે નહીં. તેના માટે ચાલી રહેલાં પ્રયાસોની અંતર્ગત રાજધાનીને મિસાઇલોના રક્ષા કવચથી લેસ કરવાની પણ તૈયારી છે. જૂની એર ડિફેન્સ સિસ્ટમને રિપ્લેસ કરી તેની આ વ્યવસ્થાને લાગૂ કરાશે. આ સિવાય 'વીઆઈપી નો ફ્લાય ઝોન' અને ખોટી મંશાથી આવનાર પ્લેનોની તોડી પાડવાની વ્યવસ્થાને રિકન્ફિગર કરાશે.સૂત્રોના મતે ડિફેન્સ મિનિસ્ટર નિર્મલા સીતારમણની અધ્યક્ષતાવાળી રક્ષા અધિગ્રહણ પરિષદની તરફથી નેશનલ એડવાનસ્ડ સર્ફેસ-ટુ-એર મિસાઇલ સિસ્ટમ-૨ (દ્ગછજીછસ્જી-ૈંૈં)ના અધિગ્રહણના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. અમેરિકા પાસેથી તેને ૧ અબજ ડોલરના ખર્ચે ખરીદાશે. તેની સાથે જ ઓવરઑલ દિલ્હી એરિયા એર ડિફેન્સ પ્લાનની અંતર્ગત નવી દિલ્હીમાં 'ફૈં-૮૯ એરિયા'ને ફરીથી ગઠિત કરવા પર પણ વાત ચાલી રહી છે. તેમાં રાષ્ટ્રપતિ ભવન, સંસદ, નોર્થ અને સાઉથ બ્લોક જેવા રાષ્ટ્રીય મહત્વના પ્રતિષ્ઠાન સામેલ છે.નેશનલ એડવાન્સડ સર્ફેસ-ટુ એર મિસાઇલ સિસ્ટમમાં ત્રણ દિશાઓવાળા સેંટિનલ રડાર, શોર્ટ અને મીડિયમ રેન્જ મિસાઇલો, લોન્ચર્સ, ફાયર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર્સ અને કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટસ સામેલ હશે. તેના દ્વારા કેટલાંય મોર્ચા પર આવનાર હવાઇ ખતરાને એક સાથે ઝડપથી ડિટેક્ટ કરી શકાશે, ટ્રેક કરી શકાશે અને તોડી પાડી શકાશે. અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનની એર ડિફેન્સ સિસ્ટમ પણ કંઈક આ પ્રકારની છે.અમેરિકન રાજધાની સિવાય ઈઝરાયલના કેટલાંય શહેરો અને મૉસ્કો સહિત કેટલાંય નાટો દેશોમાં પણ આ પ્રકારની મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ છે. ભારતની તરફથી નેશનલ એડવાન્સ્ડ સર્ફેસ-ટુ-એર મિસાઇલ સિસ્ટમના અધિગ્રહણનો નિર્ણય એવા સમયમાં લેવાયો છે, જ્યારે જીઆરડીઓ ટુ-ટાયર બેલિસ્ટિક મિસાઇલ ડિફેન્સને તૈયાર કરવાના અંતિમ તબક્કામાં છે.

# ચોરીના શંકાસ્પદ મોબાઇલફોન, કેમેરો, રાઉટર, ટેબલેટ સાથે એક ઇસમને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

વડોદરા, તા. ૩૦

વડોદરા શહેરના અલગ - અલગ પોલીસ સ્ટેશનમા બનતા મિલ્કત વિરુધ્ધના અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવાની સુચના ઉપરી અધિ.ઓ તરફથી મળેલ હોય જે અંગે ક્રાઇમ બ્રાન્ચના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર ડી.જે ચુડાસમા નાઓએ સ્ટાફના માણસો સાથે કાર્યરત રહી આજરોજ મેળવેલ માહીતી આધારે પાણીગેટ આર્યુવેદીક કોલેજ રોડ બસ ડેપો પાસે થી સ્ટાફના સંતોષભાઇ, હીતેંદ્રસિંહ, કનકસિંહ, ઉદેસિંહનાઓએ એક ઇસમ નામે ઇસમ નામે મોહમદફઇમ મોહમદમુનાફ આરેફીનવાલા ઉ.વ ૨૫ રહે. ડી/૩૦૬ એહમદપાર્ક, રામ પાર્ક પાસે,આજવા રોડ વડોદરાનાને પકડી પાડી સદર ઇસમ પાસેની થેલીમાથી જુદી જુદી કંપનીના મોબાઇલ ફોન-૭ , એક કેનન કેમેરો, એક ટેબલેટ, એક રાઉટર તમામની કુલ્લે કીમત રૂપિયા ૨૦,૦૦૦/- ના મળી આવતા આ મુદ્દામાલ અંગે સદર ઇસમ બીલ કે કોઇ પુરાવા રજુ નહી કરતા જેથી આ તમામ મુદ્દામાલ ચોરીનો શંકાસ્પદ મુદ્દામાલ જણાતા કાયદેસરની કાર્યવાહી કરી આ મળેલ મુદ્દામાલની બાબતે સઘન પુછપરછ દરમ્યાન સદર ઇસમે ત્રણેક દીવસ પહેલા અગાઉ વડોદરા વાડી વોરવાડમા અને હાલ ભરુચ ખાતે રહેતા શાહરુખ નામનો ઇસમ વેચી નાંખવા સારુ આપી ગયેલ હોવાની હકીકત જણાવતા આ અંગે ખાત્રી કરતા આ શાહરુખ ઉર્ફે એહમદઅલી શોકતઅલી પઠાણ નાનો હોય જે અગાઉ વડોદરા શહેરમા ઘરફોડ ચોરી , ફોરવ્હીલ ગાડીના કાંચ તોડી રુપીયા તેમજ કીમતી વસ્તુઓ ની ચોરીના ગુનાઓમા પકડાયેલ છે.જેથી ક્રાઇમબ્રાંચ દ્વારા આ શાહરુખ નામના ઇસમની અને મળેલ મુદ્દામાલ અંગેની તપાસ હાથ ધરવામા આવેલ છે.

# ભીષણ વરસાદ: ૬ રાજ્યોમાં ૫૪૬ના મોત, મહારાષ્ટ્રમાં આંકડો ૧૩૯ સુધી પહોંચ્યો

નવીદિલ્હી,તા.૩૦

મોનસૂનમાં અત્યાર સુધીમાં પૂર અને વરસાદને કારણે છ રાજ્યોમાં ૫૪૬ લોકોના મોત નીપજ્યા છે. ગૃહ મંત્રાલયના નેશનલ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર પ્રમાણે. મહારાષ્ટ્રમાં ૧૩૯, કેરળમાં ૧૨૬, પશ્ચિમ બંગાળમાં ૧૧૬, ગુજરાતમાં ૫૨, ઉત્તર પ્રદેશમાં ૭૯ અને આસામમાં ૩૪ લોકોએ વરસાદ અને પૂર સંબંધિત મામલાઓમાં જીવ ગુમાવ્યા છે.એનઈઆરસી પ્રમાણે. મહારાષ્ટ્રના ૨૬ જિલ્લા, પશ્ચિમ બંગાળના ૨૨, આસામના ૨૧, કેરળના ૧૪ અને ગુજરાતના ૧૦ જિલ્લા પૂર અને વરસાદને કારણે અસરગ્રસ્ત છે. આસામમાં ૧૦.૧૭ લાખ લોકો પૂર અને ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત બન્યા છે.તેમાના ૨.૧૭ લાખ લોકો રાહત છાવણીઓમાં આશ્રય લેવા મજબૂર બન્યા છે. એનડીઆરએફની બાર ટુકડીઓ આસામમાં રાહત અને બચાવ કરાયોમાં જોતરાયેલી છે. પશ્ચિમ બંગાળમાં ૧.૬૧ લાખ લોકો અસરગ્રસ્ત બન્યા છે અને એનડીઆરએફની આઠ ટીમોની તેનાતી કરવામાં આવી છે. ગુજરાતમાં ૧૫ હજાર ૯૧૨ લોકોને સુરક્ષિત સ્થાન પર પહોંચાડવામાં આવ્યા છે.

# વચન રામ મંદિરનું આપે અને ત્રિપલ તલાકનો કાયદો બનાવે તે હિન્દુઓ દંભી છે : તોગડિયા

રાજકોટ,તા.૩૦

ડો. પ્રવીણ તોગડીયા વીએચપીમાંથી છુટા થયા બાદ આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદની રચના કરી છે. રાજકોટનાં કુવાડવા રોડ ખાતે ડો. પ્રવીણ તોગડીયાએ પત્રકાર પરિષદ યોજી આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદની સૌરાષ્ટ્ર પ્રાંતની પ્રથમ બેઠક અંગે માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ પૂર્વ-પશ્ચિમ વિભાગના વિશ્વહિન્દુ પરિષદના અધ્યક્ષ સહિત ૨૦ લોકો આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદમાં જોડાયા છે. આ તકે તેમણે આંદોલનકારીઓ પરના કેસ અંગે ભાજપ સરકાર પર સવાલ ઉઠાવ્યો હતો કે, સરકારે ચૂંટણી સમયે તેમના પરના કેસો પાછા ખેંચવાનું વચન આપ્યું હતું. છતાં આ કેસો શા માટે પરત નથી ખેંચ્યા?રાજકીય પક્ષ સાથેના જોડાણ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, હજુસુધી કોઈપણ પાર્ટી સાથે જોડાણ કર્યું નથી. પરંતુ શિવસેના સાથે સારા સંબંધો છે. આ સાથે જ તેમણે વડાપ્રધાન મોદી અને અમિત શાહનું નામ લીધા વિના હિન્દુત્વ મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો પણ કર્યા હતા. તેમણે કહ્યું કે હવે એવી સરકાર જોઈએ કે જે દંભી બિનસાંપ્રદાયિક ન હોય અને તેની સાથે દંભી હિન્દુ પણ ન હોય. તમે કહેશો કે દંભી હિન્દુ કોને કહેવાય? તેનો તેનો જવાબ છે કે વચન રામ મંદિરનું આપે અને ત્રિપલ તલાકનો કાયદો બનાવે.

અત્યાર સુધી પુરુષોત્તમ માસ પ્રિય હોય અને હવે રમઝાન પ્રિય લાગે. પહેલા કાશ્મીરના હિન્દુઓની ચિંતા કરતા હોય અને હવે રમઝાનમાં આતંકવાદીઓને પોલીસની ગોળીઓ ન વાગે તેની ચિંતા કરે. રામ મંદિર ન બનાવે પણ રામનું મ્યુઝિયમ બનાવે તેને દંભી હિન્દુ કહેવાય.તોગડિયાએ આગામી ૧૫ ઓગષ્ટથી મધ્યપ્રદેશ ખાતેથી દેશવ્યાપી ખેડૂત આંદોલન શરૂ કરાવવાની જાહેરાત પણ કરી હતી. આ માટેના કારણ આપતા તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવ ઓછા આપવામાં આવી રહ્યા છે.હાલની સરકારે ખેડૂતો માટે અગાઉની સરકાર કરતા કઈપણ નવું નથી કર્યું.પાકવીમા યોજના દ્વારા ખેડૂતોને ફાયદો કરાવવાને બદલે સરકારે ૧૫ જેટલી ખાનગી વીમા કંપનીઓને ૧૫ હજાર કરોડ રૂપિયા કમાવી આપ્યા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. અને ખેડૂતોને ટેકાના દોઢ ગણા ભાવ મળે તે માટે પોતાનું આંદોલન કરવામાં આવનાર હોવાનું કહ્યું હતું. આ ઉપરાંત દરેક ક્ષેત્રમાં લેબર કોન્ટ્રાક્ટ દ્વારા કર્મીઓનું શોષણ કરવામાં આવતું હોવાનું જણાવી સરકાર રોજગારી આપવામાં નિષ્ફળ રહી હોવાનો દાવો કર્યો હતો.

# માની અપીલ પછી પુલવામાંથી અપહરણ કરાયેલા પોલીસકર્મીને આંતકીઓએ છોડયો

શ્રીનગર,તા.૩૦

દક્ષિણ કાશ્મીરના પુલવામામાં આતંકીઓ પોલીસકર્મી મુદાસિર અહમદ લોનનું અપહરણ કરીને તેને લઈ ગયા હતા. તેમની માતાની અપીલ પછી મુદાસિરને શનિવારે રાતે છોડી મુકવામાં આવ્યા હતા. છેલ્લા દોઢ મહિનાની અંદર અપહરણ પછી આતંકીઓએ બે પોલીસકર્મી અને સેનાના એક જવાનની હત્યા કરી દીધી છે. અધિકારિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે, શુક્રવારે રાતના સમયે ત્રણ આતંકીઓ ત્રાલના ચાંકતારમાં એસપીઓ મુદાસિર અહમદ લોનના ઘરમાં ઘુસી ગયા અને તેને પકડીને કોઈ અજાણી જગ્યાએ લઈ ગયા હતા. મુદાસિર અંવતીપોરાના રેશીપોરા ચોકીમાં રસોઈયાનું કામ કરતા હતા. તેમાં તેમણે આતંકીઓને દીકરાને જીવતો છોડી દેવાની અપીલ કરી હતી. તેના થોડા કલાકો પછી જ આતંકીઓએ મુદાસિરને છોડી દીધો હતો. આ પહેલાં આતંકીઓએ ૧૯ જુલાઈના રોજ પોલીસ કોનસ્ટેબલ મોહમ્મદ સલીમ શાહનું અપહરણ કરીને તેની હત્યા કરવામાં આવી હતી.


**જાહેર નિવિદા નં.-એસકે-૦૨ સને ૨૦૧૮-૧૯**

**સુધારો-૦૧**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જિલ્લા (મા અને મ) પેટા વિભાગ નં.૧,સુપ્રભાત બંગલો, હોટલ વેલકમની પાછળ અલકાપુરી,વડોદરા- ૩૯૦૦૦૭. દ્વારા પ્રસ્તુત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

રોડ મટીરીયલ પુરો પાડવા અંગેની નોટીસ બહાર પાડવામાં આવેલ હતી. જે હાલ પુરતી રદ કરવામાં આવે છે. નોટીસ અંગેની વધુ માહિતી ઉપરોક્ત કચેરીના જાહેર રજા સિવાયના દિવસમાં રસ ધરાવતા ઈજારદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

(માહિતી-વડો- ૫૭૨/૫૫૯-૨૦૧૮-૨૦૧૯)



INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 6th Floor, ABS Towers, Old Padra Road, Vadodara - 390 007.
**CIN:** L25200GJ1973PLC002436
**Tel. No. :** +91 265 2303201 **Fax No :** +91 265 2303203
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a meeting of Board of Directors of the Company will be held on **Wednesday, 08 August 2018,** inter alia, to approve the unaudited financial results of the Company for the first quarter ended on 30 June 2018.

The instant notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com and on the website of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com.

By order of the Board
**For INEOS Styrolution India Limited**
Sd/-
**Haresh Khilnani**
Company Secretary,
Head – Legal and Compliance

**Place : Vadodara**
**Date : 30.07.2018**